સુરત મહાનગરપાલિકાની તા.૯-૬-૭૬ ના રોજ મળેલી ખાસ સભામાં
નીચેનો ઠરાવ પસાર થયો હતો :-

ooooo

સ્થાયી સમિતિ અને નગર નિયોજન અને શહેર સુધારણાની સંયુકત સમિતિ ઠરાવ નં.૬ તા.૨૮-૫-૭૬ થી કરેલ ભલામણ મુજબ, સુરત મહાનગરપાલિકાએ મુંબઈ નગર રચના - અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૨૨ ની પેટા કલમ (૧) મુજબ, નગર રચના યોજના સુરત નં.૧૨ (અડાજણ) બનાવવાનો ઇરાદો નક્કી ઠરાવ્યો હતો. તે જનરલ બોર્ડ / ઇન્ટેન્શન્સ રિઝોલ્યુશન ના (સામાન્ય સભા) હુકમ નં.૫૩૧ તારીખ ૧૪-૮-૭૪ મુજબ તા.૧૬-૮-૭૪ ની જાહેર ખબર સ્થાનિક પેપરોમાં છપાવી તથા ગુજરાત - સરકારના તા.૩-૯-૭૪ ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરાવી મજકુર યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારે તેમના પંચાયત અને આરોગ્ય ખાતાના જાહેરનામા નં.જીએચ/પી/૨૬૫ ઓફ ૭૫/ટીપીએસ/૪૨૭૫/૪૮૮૭/કયુ, તા.૯-૧૦-૭૫ થી સદરહુ યોજના બનાવવા તથા પ્રસિદ્ધ કરવાની મુદત વધુ ૭ માસ એટલેકે તા.૧૪-૮-૭૫ થી તા.૧૩-૨-૭૬ સુધીની વધારી આપેલ હતી.

નગર રચના યોજના સુરત નં.૧૨ (અડાજણ) ના મુસદ્દાની સુચિત દરખાસ્તોની - યોજના હિત ધરાવનારાઓને સમજુતી આપવા તેમજ તે અંગે સલાહ સુચનો લેવા માટે તારીખ ૧૨-૧-૭૬ ના રોજ મહાનગરપાલિકાના ગાંધી ખંડમાં જાહેર સભા બોલાવવામાં આવી હતી અને તે મીટીંગમાં અને તે પછી તુરતમાં આવેલા સુચનો ઉપર વિચારણા કરી નગર રચના યોજના સુરત નં.૧૨ (અડાજણ) નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. તદઉપરાંત નગર રચના - યોજના અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૨૩ ની જોગવાઇ મુજબ કન્સલ્ટીંગ સર્વેયર ટુ ગવર્નમેન્ટ ઓફ ગુજરાતનો અભિપ્રાય તેમના પત્ર નં.ટીપીએસ/સુરત નં.૧૨/અડાજણ/ ૪૧૨ તા.૨૧-૧-૭૬ થી મેળવવામાં આવેલ છે. આ રીતે તૈયાર કરવામાં આવેલો મુસદ્દો મહાનગરપાલિકાના ખાસ સભાના ઠરાવ નં.૩૨ તા.૯-૨-૭૬ થી મંજુર કરવામાં આવ્યો હતો અને તે મુજબ જાહેરનામું - સ્થાનિક પેપરોમાં તથા ગુજરાત રાજયના તા.૧૨-૨-૭૬ ના રાજયપત્રમાં છપાવી લેખિત વાંધાઓ માંગવામાં આવ્યા હતા.

ઉપર જણાવ્યા મુજબ આવેલા વાંધાઓ સ્થાયી સમિતિ અને નગર નિયોજન અને શહેર - સુધારણા સમિતિની સંયુકત સમિતિએ જરૂરી જોઇ, તા.૨૧-૫-૭૬ ની સંયુકત સમિતિની સભામાં વિચારણામાં લેવામાં આવ્યા હતા, અને સમિતિએ તેના તા.૨૧-૫-૭૬ના ઠરાવ નં.૩ થી કેટલાક ફેરફારો કરવા સુચનો કરેલા હતા.

સંયુકત સમિતિની સુચના મુજબ, કરવામાં આવેલા ફેરફારો સહિતની નગર રચના યોજના સુરત નં.૧૨ (અડાજણ) અને તે ઉપર કમિશ્નરશ્રીની તા.૫-૫-૭૬ તથા તા.૨૫-૫-૭૬ ની નોંધો વિચારણામાં લઇ, નગર રચના યોજના સુરત નં.૧૨(અડાજણ) મંજુર કરવામાં આવે છે અને મંજુર યોજના અંગે કાયદામાં જણાવેલ તમામ કાર્યવાહી કરવા અને તે યોજના સરકારશ્રીમાં મંજુરી માટે મોકલવા કમિશ્નરશ્રીને સત્તા આપવાનું મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નંબર -૩૮-- સર્વાનુમતે મંજુર.